Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-2, September-2019
Impact Factor:4.081
www.researchguru.net

# ધોરણ - ૯ના વિદ્યાર્થીઓની સ્વ-સંકલ્પના અને પરીક્ષાચિંતાનો અભ્યાસ

ડો. રશ્મિ સી. ત્રિવેદી
(એમ. એ., એમ. એડ઼., જી. સેટ (મનોવિજ્ઞાન, શિક્ષણ), આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ. એન. કોલેજ, વિસનગર.

પ્રસ્તુત અભ્યાસ પારડી તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત હતો. પ્રસ્તુત અભ્યાસનો હેતુ ધોરણ - ૯ના વિદ્યાર્થીઓની સ્વ-સંકલ્પના અને પરીક્ષાચિંતાનો અભ્યાસ કરવાનો હતો. તે હેતુથી સંશોધકે ગ્રામ્ય અને શહેરી વિસ્તારની માધ્યમિક શાળામાં ધોરણ-૯માં અભ્યાસ કરતા ૧૩૦ કુમાર અને ૧૩૦ કન્યાઓને નમૂનામાં સમાવિષ્ટ કર્યા હતા. સ્તરીકૃત યાદચ્છિક રીતે પસંદ કરેલા નમૂનાના પાત્રો પર શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. હેતુ અનુરૂપ માહિતીના એકત્રીકરણ માટે સંશોધકે ડો. ડી. એ. ઉચાટ રચિત સ્વ-સંકલ્પના સંશોધનિકા અને જમોડ મનસુખ રચિત પરીક્ષા ચિંતા સંશોધનિકાનો ઉપયોગ કર્યો હતો. સ્વ-સંકલ્પના સંશોધનિકા અને પરીક્ષાચિંતા સંશોધનિકા પર મેળવાયેલા સરેરાશાંકોનું ટી-મૂલ્ય ૨.૭૯૭ જોવા મળ્યું હતું. જે 0.0૧ કક્ષાએ સાર્થક જોવા મળ્યું હતું. તેથી કહી શકાય કે કુમારો અને કન્યાઓની સ્વ-સંકલ્પના અને પરીક્ષાચિંતા વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

**પ્રસ્તાવના**

વ્યક્તિના વ્યક્તિત્વ ઘડતરની શરૂઆત બાલ્યાવસ્થાથી થાય છે. બાળકના વ્યક્તિત્વના વિકાસનો આધાર બાળકની પોતાની જાત વિશેના ખ્યાલો પર અવલંબે છે. બાળકના પોતાની જાત પ્રત્યેના ખ્યાલ ને સ્વ-સંકલ્પના તરીકે ઓળખવામાં આવે છે. બાળકના પોતાની જાત વિશેના ખ્યાલ પર કુટુંબ, પરિચિતો તેમજ સમાજની અસર થાય છે. સ્વ વિશેનો ખ્યાલ જેમ ઊંચો તેમ બાળકની સામાજિક સ્વીકારની શકયતા પણ ઊંચી. સ્વ વિશેનો બાળકનો નીચો ખ્યાલ બાળકને લઘુતાગ્રંથિ, આત્મવિશ્વાસનો અભાવ, સામાજિક અસ્વીકૃતિ તરફ દોરી જાય છે.

વર્તમાન સમયમાં શિક્ષણક્ષેત્રે નૂતન ફેરફારો થયા છે. તે ફેરફારો અંતર્ગત શિક્ષણ પદ્ધતિ, પાઠયપુસ્તકો, પરીક્ષા પદ્ધતિ વગેરે ગણાવી શકાય. પરીક્ષા સંદર્ભે આંતરિક તેમજ બાહ્યમૂલ્યાંકનને મહત્વ આપવામાં આવ્યું છે. તેથી વિદ્યાર્થીએ સમગ્ર વર્ષ દરમિયાન થિયરી તેમજ પ્રેકટીકલ વર્ક સંદર્ભે ઘણું સભાન અને કાર્યશીલ રહેવું પડે છે. તેથી સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થી સતત માનસિક તનાવ અને ચિંતા અનુભવે છે.

ભણતરના ભારથી ત્રસ્ત વિદ્યાર્થી કાં તો ઘર છોડીને ભાગી જાય છે અથવા પ્રબળ હતાશાને કારણે આત્મહત્યા કરે છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખી સંશોધકે વિદ્યાર્થીઓની સ્વ-સંકલ્પના કેવી છે ? વિદ્યાર્થીઓ પરીક્ષાને કેવી દષ્ટિથી જુએ છે ? પરીક્ષા આવતા પહેલાં તેઓ કેવા પ્રકારના માનસિક તનાવમાંથી પસાર થાય છે ? તે પ્રશ્નોના ઉકેલ મેળવવાના હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધર્યુ હતું.

**સમસ્યા**

પ્રસ્તુત અભ્યાસની સમસ્યા આ પ્રમાણે હતી.

ધોરણ - ૯ના વિદ્યાર્થીઓની સ્વ-સંકલ્પના
અને પરીક્ષાચિંતાનો અભ્યાસ

**અભ્યાસના હેતુ**

૧. ધોરણ-૯ના વિદ્યાર્થીઓની સ્વ-સંકલ્પના પર જાતીયતાની અસર તપાસવી.

૨. ધોરણ-૯ના વિદ્યાર્થીઓની સ્વ-સંકલ્પના પર વિસ્તારની અસર તપાસવી.

૩. ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પરીક્ષાચિંતા પર જાતીયતાની અસર તપાસવી.

૪. ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પરીક્ષાચિંતા પર વિસ્તારની અસર તપાસવી.

**અભ્યાસની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાઓ આ પ્રમાણે હતી.

૧. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના સ્વ-સંકલ્પના સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

૨. કુમારો અને કન્યાઓના સ્વ-સંકલ્પના સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

૩. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના પરીક્ષાચિંતા સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

૪. કુમારો અને કન્યાઓના પરીક્ષાચિંતા સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ પારડી તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માં ધોરણ-૯માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પુરતું મર્યાદિત હતું. સંશોધકે છ શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં ધોરણ-૯માં અભ્યાસ કરતાં ૨૬૦ વિદ્યાર્થીઓને યાદચ્છિક રીતે નમૂનામાં સમાવિષ્ટ કર્યા હતા. નમૂનામાં સમાવિષ્ટ શાળાનું નામ, વિસ્તાર અને કુમારો અને કન્યાઓની વિગત સારણી-૧માં દર્શાવેલ છે.

**સારણી-૧**

**નમૂનામાં સમાવિષ્ટ શાળાઓ અને પાત્રોની સંખ્યા**

| ક્રમ | શાળાનું નામ | વિસ્તાર | જાતીયતા | | કુલ |
|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | |
| ૧ | શ્રી આઈ. સી. દેસાઈ સાર્વજનિક હાઈસ્કૂલ, ડુમલાવ. | ગ્રામ્ય | ૨૪ | ૨૧ | ૪૫ |
| ૨ | શ્રી આઈ. સી. દેસાઈ સાર્વજનિક હાઈસ્કૂલ, રોહિણા. | ગ્રામ્ય | ૨૦ | ૨૪ | ૪૪ |
| ૩ | શ્રી બી. કે. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, અંબાચ. | ગ્રામ્ય | ૨૧ | ૧૯ | ૪૦ |
| ૪ | પ્રોગ્રેસિવ સાર્વજનિક હાઈસ્કૂલ, રાબડી. | શહેરી | ૨૦ | ૨૨ | ૪૨ |
| ૫ | શ્રી ગોઈમા મુખ્ય સ્કૂલ, ગોઈમા. | શહેરી | ૨૩ | ૨૦ | ૪૩ |
| ૬ | શ્રી કે. કે. હરિયા માધ્યમિક શાળા, કરવડ. | શહેરી | ૨૨ | ૨૪ | ૪૬ |
| કુલ | | | ૧૩૦ | ૧૩૦ | ૨૬૦ |

**ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે વિદ્યાર્થીઓની સ્વ-સંકલ્પના જાણવા માટે ડો. ઉચાટ રચિત દ્વિધ્રુવી સંકલ્પના સંશોધનિકાનો ઉપયોગ કર્યો હતો. આ સંશોધનિકામાં કુલ ૧૧ કલમો હતી. જેમાં ૬ કલમ હકારાત્મક અને ૫ કલમ નકારાત્મક હતી. આ સંશોધનિકામાં દરેક કલમમાં વિદ્યાર્થીને એમના 'સ્વ' વિશે પુછવામાં આવ્યું હતું. આ સંશોધનિકામાં એક કલમમાં બે વિશેષણોની જોડી વચ્ચે ૭ જગ્યાઓ છોડવામાં આવી હતી. બંને વિશેષણોમાંથી વિદ્યાર્થી જે વિશેષણ ધરાવતા હોય તે

તરફ તેમણે '×' નિશાની કરી પ્રતિચાર આપવાનો હતો. પ્રત્યેક પ્રતિચારનું ગુણાંકન કરીને તેનો પ્રાપ્તાંક મેળવવામાં આવ્યો હતો. સંશોધકે વિદ્યાર્થીઓની પરીક્ષાચિંતાનું માપન કરવા માટે જમોડ મનસુખ રચિત પરીક્ષાચિંતા સંશોધનિકાનો ઉપયોગ કર્યો હતો. આ સંશોધનિકામાં કુલ ૭૫ વિધાનો આપેલા હતા. પ્રત્યેક વિધાન માટે બે વિકલ્પો 'હા' અને 'ના' આપેલા હતા. વિદ્યાર્થીને પ્રત્યેક વિધાનનું વાંચન કરીને જે વિધાન માટે તે જે પ્રતિચાર આપવા ઈચ્છતા હોય તે ખાનામાં '√' ની નિશાની કરીને પ્રતિચાર આપવાનો હતો. વિદ્યાર્થીએ પ્રત્યેક વિધાન દીઠ મેળવેલા કાચા પ્રાપ્તાંક અને કુલ પ્રાપ્તાંક શોધવામાં આવ્યા હતા. તેમની સરાસરી, પ્રમાણ વિચલન તેમજ ટી-મૂલ્ય શોધવામાં આવ્યું હતું.

**પૃથ્થકરણ**

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાઓ આ પ્રમાણે હતી.

**ઉત્કલ્પના-૧** ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના સ્વ-સંકલ્પના સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરતા મળેલ પરિણામો સારણી-૧ મુજબ જોવા મળ્યા હતા.

**સારણી-૧**

**વિસ્તારના સંદર્ભમાં બંને જૂથના સ્વ-સંકલ્પના સંશોધનિકાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચેના તફાવતાની સાર્થકતા**

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|
| ગ્રામ્ય | ૧૩૦ | ૬૦.૭૩ | ૮.૫૧ | ૨.૭૯૭ | ૦.૦૧ |
| શહેરી | ૧૩૦ | ૬૨.૬૦ | ૮.૪૬ | | |

૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોક્ત સારણી-૧નો અભ્યાસ કરતા જાણવા મળે છે કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સંખ્યા અનુક્રમે ૧૩૦ અને ૧૩૦ હતી. તેમની સરાસરી ૬૦.૭૩ અને ૬૨.૬૦ જોવા મળી હતી. જ્યારે પ્રમાણ વિચલન ૮.૫૧ અને ૮.૪૬ જોવા મળ્યું હતું. જ્યારે ટી-મૂલ્ય ૨.૭૯૭ જોવા મળ્યું હતું. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક જોવા મળ્યું હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો હતો. આથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના સ્વ-સંકલ્પના સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

**ઉત્કલ્પના-૨** કુમારો અને કન્યાઓના સ્વ-સંકલ્પના સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરતા મળેલ પરિણામો સારણી-૨ મુજબ જોવા મળ્યા હતા.

**સારણી-૨**

**જાતીયતાના સંદર્ભમાં બંને જૂથના સ્વ-સંકલ્પના સંશોધનિકાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|
| કુમાર | ૧૩૦ | ૬૭.૬૭ | ૮.૫૮ | ૨.૭૦૬ | ૦.૦૧ |
| કન્યા | ૧૩૦ | ૬૧.૬૬ | ૮.૪૯ | | |

૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોક્ત સારણી-૨નો અભ્યાસ કરતા જણવા મળે છે કે કુમાર અને કન્યાની સંખ્યા અનુક્રમે ૧૩૦ અને ૧૩૦ હતી. કુમારો અને કન્યાઓએ સ્વ-સંકલ્પના સંશોધનિકા પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલન અનુક્રમે ૬૭.૬૭ અને ૬૧.૬૬ તેમજ ૮.૫૮ અને ૮.૪૯ જોવા મળ્યું હતું. જ્યારે ટી-મૂલ્ય ૨.૭૦૬ જોવા મળ્યું હતું. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક જોવા મળ્યું હતું. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો હતો. આથી કહી શકાય કે કુમારો અને કન્યાઓના સ્વ-સંકલ્પના સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

**ઉત્કલ્પના-૩** ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના પરીક્ષાચિંતા સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરતા મળેલ પરિણામો સારણી-૩ મુજબ જોવા મળ્યા હતા.

**સારણી-૩**

**વિસ્તારના સંદર્ભમાં બંને જૂથના પરીક્ષાચિંતા સંશોધનિકાના**

**સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|
| ગ્રામ્ય | ૧૩૦ | ૩૨.૧૬ | ૧૨.૪૭ | ૩.૮૧૨ | ૦.૦૧ |
| શહેરી | ૧૩૦ | ૩૨.૩૪ | ૧૪.૩૫ | | |

૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોક્ત સારણી-૩નો અભ્યાસ કરતા જણાય છે કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સંખ્યા અનુક્રમે ૧૩૦ અને ૧૩૦ હતી. તેમણે પરીક્ષાચિંતા સંશોધનિકા પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે ૩૨.૧૬ ને ૩૨.૩૪ જોવા મળી હતી અને પ્રમાણિત વિચલન અનુક્રમે ૧૨.૪૭ અને ૧૪.૩૫ જોવા મળ્યું હતું. જ્યારે ટી-મૂલ્ય ૩.૮૧૨ હતું. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થતો ન હતો. આથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના પરીક્ષા◌ાચિંતા સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

**ઉત્કલ્પના-૪** કુમારો અને કન્યાઓના પરીક્ષાચિંતા સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરતા મળેલ પરિણામો સારણી-૪ મુજબ જોવા મળ્યા હતા.

**સારણી-૪**

**જાતીયતાના સંદર્ભમાં બંને જૂથના પરીક્ષાચિંતા સંશોધનિકાના સરેરાશ**

**પ્રાપ્તાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|
| કુમાર | ૧૩૦ | ૩૨.૪૩ | ૧૩.૫૫ | ૨.૭૦૯ | ૦.૦૧ |
| કન્યા | ૧૩૦ | ૩૨.૦૮ | ૧૩.૭૬ | | |

૦.૦૧ કક્ષાએ સાર્થક

ઉપરોક્ત સારણી-૪નો અભ્યાસ કરતા જણાય છે કે કુમાર અને કન્યાની સંખ્યા અનુક્રમે ૧૩૦ અને ૧૩૦ હતી. કુમારો અને કન્યાઓએ પરિક્ષાચિંતા સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી ૩૨.૪૩ અને ૩૨.૦૮ જોવા મળી હતી અને પ્રમાણ વિચલન અનુક્રમે ૧૩.૫૫ અને ૧૩.૭૬ જોવા મળ્યું હતું. જ્યારે ટી-મૂલ્ય ૨.૭૦૯ હતું. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક જોવા મળ્યું હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થતો ન હતો. આથી કહી શકાય કે કુમારો અને કન્યાઓના પરિક્ષાચિંતા સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

**તારણ**

પ્રસ્તુત અભ્યાસના તારણો આ મુજબ જોવા મળ્યા હતા.

૧. ધોરણ-૯ના વિદ્યાર્થીઓની સ્વ-સંકલ્પના પર વિસ્તારની અસર થાય છે. શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સ્વ-સંકલ્પના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતા ઊંચી હતી.

૨. ધોરણ-૯ના વિદ્યાર્થીઓની સ્વ-સંકલ્પના પર જાતીયતાની અસર થાય છે. કુમારો કરતા કન્યાઓની સ્વ-સંકલ્પના ઊંચી જોવા મળી હતી.

૩. ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પરીક્ષાચિંતા પર વિસ્તારની અસર થાય છે. શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની પરીક્ષાચિંતા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતા વધુ હતી.

૪. ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પરીક્ષાચિંતા પર જાતીયતાની અસર થાય છે. કન્યાઓની પરીક્ષાચિંતા કુમારોની પરીક્ષાચિંતા કરતા વધુ હતી.

**સંદર્ભ**

ઉચાટ, ડી. એ. (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

દેસાઈ, કે. જી. (૨૦૦૦). મનોવૈજ્ઞાનિક માપન (ચતુર્થ આવૃતિ), અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

શાહ, ડી. બી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.